# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-03-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## LPG :

સરકારે ખાતરી આપી છે કે, બધી રિફાઇનરીઓ પર્યાપ્ત ક્રૂડ ઓઇલ ભંડાર સાથે સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે. સ્થાનિક LPG ઉત્પાદન સ્થિર છે અને પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

દરમ્યાન, રાજ્ય સરકારના દિશા-નિર્દેશનમાં ગુજરાતમાં LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. નાગરિકોને એક ક્લિકથી સિલિન્ડર મળી રહે તે માટે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા તમામ સુવિધાઓ પ્રદાન કરવામાં આવી છે; LPG બુકિંગ અને રીફિલ માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે તેમજ નોંધાયેલા લાભાર્થીઓ વોટ્સએપ, મિસ્ડ કૉલ, SMS/IVR બુકિંગ, સ્માર્ટફોન એપ, કંપનીના ઓફિશિયલ પોર્ટલનો ઉપયોગ કરીને સરળતાથી બુકિંગ કરી શકે છે.

રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ગેસ એજન્સીઓમાં ચુસ્ત દેખરેખ અને મોનિટરિંગ માટે રેવન્યુ તથા પોલીસ કર્મચારીઓની નિમણૂક કરાઈ છે; તેમજ LPG અંગેના કોઈપણ પ્રશ્ન માટે નાગરિકોને રાજ્ય હેલ્પલાઇન નંબર 1800-233-0222નો સંપર્ક કરવાનું જણાવાયું છે.

----------------------------------------------------------------------------------------------------

## કૃષિમંત્રી :

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, કેન્દ્ર સરકાર દેશના અનેક ભાગોમાં કમોસમી વરસાદ અને કરા પડવાથી થયેલા પાકના નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે તાત્કાલિક પગલાં લઈ રહી છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા,શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે

નુકસાનનું તાત્કાલિક મૂલ્યાંકન કરવા માટે રાજ્ય સરકારો સાથે સંકલન કરવા માટે અધિકારીઓને જરૂરી નિર્દેશો જારી કરવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------------

## મિલેટ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-2026 :

રાજ્યના મહાનગરોમાં આજથી બે દિવસીય "મિલેટ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-2026"નો પ્રારંભ થશે; અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવનો કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી શુભારંભ કરાવશે.

રાજ્ય કક્ષાના મહોત્સવની સાથે રાજ્યભરમાં 700થી વધુ સ્ટોલ્સ દ્વારા ખેડૂતોને મળશે સીધું વેચાણ પ્લેટફોર્મ; અમદાવાદમાં રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવમાં 85 અને અન્ય શહેરોમાં 620 મળીને રાજ્યભરમાં કુલ 700થી વધુ સ્ટોલ્સ વિવિધ ખેડૂતો, FPO અને ખેડૂત મંડળીઓને કોઈપણ ભાડા વિના એટલે કે વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે.

આ મહોત્સવમાં નાગરિકો મિલેટની શુદ્ધ બનાવટોની ખરીદી તથા પૌષ્ટિક વાનગીઓનો સ્વાદ માણી શકશે.

---------------------------------------------------------------------------------------------------

## મમુઆરા - વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ :

મમુઆરા ખાતે ગઈ કાલે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષ સ્થાને રૂ. 8 કરોડથી વધુના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નાગરિકોની સુખાકારી માટે રાજ્ય સરકાર હંમેશા ચિંતિત છે. લોકોના કલ્યાણ માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલી કરી છે. જેના કારણે લોકોના જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આ સાથે જ બાળકોના શિક્ષણમાં

તથા તેમની સુવિધાઓમાં કોઈ કચાસ ન રહે તે માટે શાળા બિલ્ડિંગ, નવા ઓરડાથી લઈને તમામ પ્રકારની પ્રાથમિક જરૂરિયાતની ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે.

---

## રમજાન ઇદ પર્વ :

આજે મુસ્લિમ બિરાદરો રમજાન ઇદના પર્વની પરંપરાગત ઉમંગ ઉલ્લાસ સાથે ઉજવણી કરી રહ્યા છે ગઈકાલે સાંજે ચાંદ દેખાતાં એક માસ થી ચાલતા રોજા પૂરા થયા હતા આજે જિલ્લાભર માં મસ્જિદો ખાતે ઇદ નમાજ અદા કરવામાં આવશે એ પછી પરસ્પર ઇદ મુબારકની આપલે થશે વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા સેવાકીય કાર્યો કરવા માં આવશે

---

## વિશ્વ વન દિવસની ઉજવણી :

આજે વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવે છે વન સંપતિનો વિસ્તાર વધારવા અને તેના જતન અંગે જાગૃતિ કેળવવાના હેતુથી 1971થી આ દિવસ ઉજવાય છે એક સંશોધન અનુસાર ભારતમાં 33ટકા વન વિસ્તારની સામે હાલે દેશમાં 12 ટકા વિસ્તારમાં જંગલ આવેલા છે આજે વન દિવસ નિમિતે વન સંપતિના જતનને પ્રોત્સાહિત કરતા વિવિધ કાર્યક્રમો યોજાશે

---

## માધાપર ખાતે મોરારિ બાપુની રામકથા :

જાણીતા રામાયણ કથાકાર મોરારિ બાપુની રામકથાનો આજથી ભુજ નજીક માધાપર ખાતે આરંભ થશે કચ્છ જિલ્લામાં મોરારિ બાપુની આ 36મી કથા યોજાઈ રહી છે માધાપર ખાતે 1982માં રામકથા યોજાયા પછી 44 વરસે રામકથાનું આયોજન થયું છે

---

## શિક્ષણ મંત્રાલય :

સરકાર શાળા છોડી દેનારા બાળકોને ઓળખવા અને તેમની શાળામાં નોંધણી કરાવવા માટે દેશવ્યાપી ઝુંબેશ શરૂ કરશે.શિક્ષણ મંત્રાલયે માહિતી આપી હતી કે આ પગલું 2030 સુધીમાં પ્રાથમિક શાળાથી માધ્યમિક સ્તર સુધી 100 ટકા કુલ નોંધણી ગુણોત્તરના રાષ્ટ્રીય શિક્ષણ નીતિના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ફાળો આપશે. મંત્રાલયે ઉમેર્યું હતું કે આર્થિક,સામાજિક અથવા ભૌગોલિક મર્યાદાઓને કારણે નિયમિત શાળાઓમાં હાજરી આપી શકતા ન હોય તેવા બાળકો માટે મુક્ત શાળા એક વ્યવહારુ વિકલ્પ છે.

---

## હવામાન :

કચ્છમાં ગુરુવારે વરસેલા કમોસમી વરસાદ બાદ હાલ પુરતો સંકટ ટળતાધરતીપુત્રોએ હાશકારો મેળવ્યો છે. ગઈ કાલે જીલ્લામાં ઉગાડનો માહોલ જોવા મળ્યો હતો. હવામાન વિભાગે ગાવે તબક્કાવાર મહ્ત્તમ તાપમાન ૩ થી ૫ ડીગ્રી ઉંચકાતા ગરમીનો અનુભવ થશે.

---